ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

75 આઝાદી કા અમૃત મહોત્સવ

પ્રેસનોટ:-2003/09/2023 તારીખ 03/09/2023

**આજરોજ ધારાસભ્યશ્રી રિવાબા જાડેજાના જન્મદિવસ નિમિત્તે પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીની ઉપસ્થિતિમાં જામનગર ખાતે સપ્તરંગી સેવા –યજ્ઞ મહોત્સવ કાર્યક્રમ યોજાયો.**

---

**ઇન્ડિયાના નામે ફંડ ભેગુ કરવા જોડાઇ ગયા હોય તેમ લાગે છે:- શ્રી સી.આર.પાટીલ**

---

**કેન્દ્રની સરકારે 9 વર્ષમાં ભ્રષ્ટાચાર દુર કરવાના તમામ પ્રયત્નો કર્યા છે આજે રૂપિયા આપ્યા વગર સરકારની યોજનાના લાભ મળે છે.:- શ્રી સી.આર.પાટીલ**

---

**ભારતીય જનતા પાર્ટીનો કાર્યકર તેનો જન્મદિવસ સેવાયજ્ઞના માધ્યમથી ઉજવતો હોય છે :- શ્રી પૂનમબેન માડમ**

---

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીની ઉપસ્થિતિમાં જામનગર ખાતે સપ્તરંગી સેવા –યજ્ઞ મહોત્સવ કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમ ધારાસભ્યશ્રી રિવાબા જાડેજાના જન્મદિવસ નિમિત્તે યોજાયો હતો. આ પ્રસગં શહેર ભાજપ પ્રમુખશ્રી રમણીકભાઇ કગથરા, જામનગર મેયરશ્રીએ શ્રી રિવાબાને શુભકામના પાઠવી પ્રાસગીક સંબોધન કર્યુ હતું. આ પ્રંસગે 78 જામનગર ઉત્તર વિધાનસભામાં દરેક વોર્ડમાં આધારકાર્ડમાં સુધારો, આયુષ્યમાન કાર્ડ કઢાવી આપવા, જન ધન બેંક ખાતા ખોલાવી આપવા સહિતના જન સેવા કેમ્પનું ઉદ્ઘાટન પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીના હસ્તે કરવામાં આવ્યું .

આ પ્રસંગે સાંસદશ્રી પુનમબેન માડમે સંબોધન કરતા જણાવ્યું કે, ભારતીય જનતા પાર્ટીનો કાર્યકર તેનો જન્મદિવસ સેવાયજ્ઞના માધ્યમથી ઉજવતો હોય છે ત્યારે આજે ધારાસભ્યશ્રી રિવાબા જાડેજાના જન્મદિવસ પ્રસંગે આજે સેવાકીય કાર્યક્રમ યોજાયો છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ હમેંશા કાર્યકર્તાઓ પાસે તેમના જન્મદિવસે સેવાકીય પ્રવૃતિ કરવા પ્રેરણા આપતા રહ્યા છે. આજે ધારાસભ્યશ્રી રિવાબાએ તેમનો જન્મદિવસ પણ સેવાકીય પ્રવૃતિ કરી ઉજવ્યો છે. આજે આ કાર્યક્રમમાં કેન્દ્ર અને રાજય સરકારની યોજનાઓનો લાભ વધુમાં વધુ પહોંચે તેવો પ્રયત્ન થઇ રહ્યો છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમાં દેશમાં પહેલી વખત સાચા લાભાર્થી સુધી યોજના પહોંચી રહી છે.

આ પ્રસંગે પ્રભારી મંત્રીશ્રી મુળુભાઇ બેરાએ રિવાબા જાડેજાને જન્મદિન નિમિત્તે શુભકામના પાઠવતા જણાવ્યું કે, ભારતીય જનતા પાર્ટીનો એક એક કાર્યકર સત્તા મા નહી પણ જવાબદારી પુર્વક જનતાને કેવી રીતે

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

મદદ કરી શકે તેના સંસ્કાર મળતા રહ્યા છે. કેન્દ્ર અને રાજય સરકારની યોજના જાણકારી છેવાડાના માનવી સુધી પહોંચે તે માટે પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબનું માર્ગદર્શન મળતુ હોય છે.

આ પ્રસંગે પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીએ સંબોધન કરતા જણાવ્યું કે, આજે ધારાસભ્યશ્રી રિવાબા જાડેજાના જન્મદિવસ નિમિતે સેવાકીય કાર્યક્રમ યોજાયો છે. ભારતીય જનતા પાર્ટીનો કાર્યકર્તા ક્યારેય સામાન્ય હોતો નથી પણ સામાન્ય વ્યકિત છે. ધારાસભ્યશ્રી રિવાબા જાડેજાએ 1251 જેટલા અલગ અલગ લાભાર્થીઓને મદદરૂપ થવાનો કાર્યક્રમ યોજ્યો.

શ્રી પાટીલજીએ વધુમાં જણાવ્યું કે દેશમાં લોકસભા ચૂંટણી આવી રહી છે ત્યારે વિરોધી પાર્ટીઓ એક થઇ છે પરંતુ કેટલીક વિરોધી રાજકીય પાર્ટીઓ પાસેતો કોઇ પ્રતિનિધિત્વ કરી શકે તેવો કાર્યકર જ નથી અને તેમને વિશ્વાસ પણ છે કે આ ચૂંટણીમાં તેમનો ઉમદેવાર ચૂંટાઇને આવવાનો નથી. ઇન્ડિયાના નામે ફંડ ભેગુ કરવા જોડાઇ ગયા હોય તેમ લાગે છે. દેશની જનતા તેમના કામને જાણે છે આજે મતદાર જાગૃત છે દેશને નુકશાન કરવાવાળાને જનતા ક્યારેય માફ કરતી નથી. કેટલાક રાજકીય લોકોને કેટલાક અભરખા થતા હોય છે અને આ અભરખા પુરા કરવા આપણો દેશ યોગ્ય સ્થળ છે તેમ તેમને લાગતું હોય છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના કાર્યકાળમાં દેશ માટે થયેલા કાર્યો ઐતિહાસીક કહી શકાય કારણકે આવા કાર્યો પણ આપણા દેશમાં થશે તેમ કોઇને કલ્પના ન હતી. કેન્દ્રની સરકારે 10 વર્ષમાં ભ્રષ્ટાચાર દુર કરવાના તમામ પ્રયત્નો કર્યા છે આજે રૂપિયા આપ્યા વગર સરકારની યોજનાના લાભ મળે છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે દેશના વૈજ્ઞાનિકોને વિશ્વાસ અપાવી દેશને અનેક નવી સફળતાઓ અપાવી.આખા દેશમાં રક્તદાનના કેમ્પ કોઇ કરતુ હોય તો તે ભાજપાના કાર્યકરો કરે છે.

આ પ્રસંગે રાજ્ય સરકાર ના મંત્રી શ્રી મુળુભાઇ બેરા, સાંસદ શ્રી પૂનમબેન માડમ,ધારાસભ્ય શ્રી રિવાબા જાડેજા, જામનગર શહેર ના મેયર શ્રી બીનાબેન કોઠારી, પ્રદેશ મંત્રી શ્રી રઘુભાઈ હુંબલ,શહેર પ્રમુખ શ્રી ડૉ . વિમલભાઈ કગથરા, જિલ્લા પ્રમુખ શ્રી રમેશભાઈ મુંગરા, પૂર્વ મંત્રીશ્રી હકુભા જાડેજા સહિત પદાધિકારીઓ તેમજ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)